# સુરત મહાનગરપાલિકા

## પરિપત્ર

સુરત મહાનગરપાલિકાની સામાન્ય સભાનાં ઠરાવ નં.૧૦૩/૨૦૨૬, તા.૧૦/૦૩/૨૦૨૬ થી આસીસ્ટન્ટ એકાઉન્ટન્ટની લાયકાતમાં સુધારો કરી ૫૦% સુરત મહાનગરપાલિકામાં કામ કરતા અને નીચે મુજબની લાયકાત ધરાવતા કર્મચારીઓમાંથી ખાતાકીય પરીપત્રથી ભરતી કરવાનું ઠરાવવામાં આવેલ છે.

| હોદ્દો | (૪૧૧) આસીસ્ટન્ટ એકાઉન્ટન્ટ |
|---|---|
| લાયકાત | **For Direct Recruitment (50%) :**<br>**Educational Qualification:**<br>A) Candidate shall hold Chartered Accountant (C.A) / Cost and Works Accountant (I.C.W.A.)/Cost and Management Accountant (C.M.A.)<br>Or<br>(B) (i) a Degree in Master of Commerce with minimum 60% obtained from any of the recognized Universities or Institutions<br>Or<br>(ii) Bachelor of Commerce (with advanced Accounting and Auditing) and a Degree in MBA(Finance) with minimum 60% obtained from any of the recognized Universities or Institutions<br>**Experience :**<br>Have about two years combine or separate experience of the work related to accounts and audit, in the government/government undertaking/board/corporation/ local bodies/ university/ banking organization established by law/ company registered under the Companies<br>**Computer Knowledge**: The basic knowledge of Computer Application as prescribed in Gujarat Civil Services Classification and Recruitment (General) Rules 1967 as amended from time to time.<br>**Language Proficiency:** Possess adequate knowledge of Gujarati or Hindi or both<br>**For Semi Direct Recruitment (50%) :**<br>From the employees of Surat Municipal Corporation having the above qualification through Departmental Circular with Minimum eight years of experience after obtaining the above qualification. |
| **વયમર્યાદા** | Not more than 38 years, Age limit will be relaxed in case of reserved category as per rules. The age limit will not be applicable to the Surat Municipal Corporation's Employee. |
| **પગારધોરણ** | રૂા.૬૫૦૦–૧૦૫૦૦/–<br>(પે બેન્ડ : ૯૩૦૦–૩૪૮૦૦, ગ્રેડ પે : ૪૬૦૦)<br>(પે મેટ્રીક્ષ : ૪૪૯૦૦–૧૪૨૪૦૦) |
| **ભરતીનો પ્રકાર** | **૫૦% સુરત મહાનગરપાલિકામાં કામ કરતા અને ઉપરોકત લાયકાત ધરાવતા કર્મચારીઓમાંથી ખાતાકીય પરીપત્રથી** |

આથી સુરત મહાનગરપાલિકામાં કામ કરતાં હોય અને ઉકત પત્રકમાં જણાવેલ લાયકાત તથા અનુભવ ધરાવતાં હોય તેવા અને રોસ્ટર અનુસાર નીચે જણાવેલ જાતિના કર્મચારીઓ પાસેથી આસી.એકાઉન્ટન્ટની જગ્યા પુરવા માટે પ્રતિક્ષાયાદી બનાવવાના હેતુસર ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે. સુરત મહાનગરપાલિકાની https://www.suratmunicipal.gov.in ની વેબસાઈટ પર તા.૧૫/૦૩/૨૦૨૬(સમય સવારે ૧૧:૦૦ કલાક) થી તા. ૩૧ /૦૩/૨૦૨૬ (સમય રાત્રે ૧૧:૦૦ કલાક) સુધીમાં ઓનલાઈન અરજી કરવાની રહેશે. તેઓએ આવી અરજી તેઆના **વિભાગીય વડાની ભલામણ સહિત ફકત ખાતા મારફત પર્સોનેલ ઓફિસરશ્રી(રીક્રુટમેન્ટ વિભાગ)ને અચુક તા. ૦૭/૦૪/૨૦૨૬ સુધીમાં** પહોંચે તે રીતે મોકલવાની રહેશે. આ તારીખ પછી રીક્રુટમેન્ટ વિભાગમાં મળેલી કોઈપણ અરજી કોઈપણ સંજોગોમાં ગ્રાહય રાખવામાં આવશે નહી તેની ખાસ નોંધ લેશો.

**<u>હાલ ૧૪ ખાલી જગ્યાઓ માટે જરૂરી રોસ્ટરની વિગત</u>**

| એસ.સી. | એસ.ટી. | સા.શૈ.પ.વ. | બિન અનામત | આ.ન.વ. | કુલ |
|---|---|---|---|---|---|
| – | ૦૨ | ૦૨ + ૦૧(મહીલા) | ૦૬ +૦૨(મહીલા) | ૦૧ | ૧૪ |

(૧) આખરી પસંદગી યાદીમાંથી સરકારશ્રીની રોસ્ટર અંગેની જોગવાઈઓ ધ્યાને લઈ આસી.એકાઉન્ટન્ટ કેડરની સીધી ભરતીની ૫૦% ખાલી પડતી જગ્યાઓ ઉપર નિમણુંક આપવામાં આવશે.

આથી તમામ સંબંધિત વિભાગીય વડાશ્રીઓ, ખાતાધિકારીશ્રીઓ, સેકશન ઓફિસરશ્રીઓ વિગેરેએ તેઓનાં તાબા હેઠળનાં વિભાગમાં કામ કરતાં દરેક કર્મચારીઓને આ પરિપત્રની જાણ તુર્ત જ કરવી અને ઉપર જણાવેલ તારીખ સુધીમાં અચુક આ મુજબની અરજીઓ ખાતાકીય ભલામણ સાથે ફક્ત ખાતા મારફત રીક્રુટમેન્ટ વિભાગમાં મળી જાય તેવો પ્રબંધ કરવાનો રહેશે. જો તેમ નહી થશે તો આ અંગેની ઉપસ્થિત થતી તમામ જવાબદારી સંબંધિત વિભાગના જવાબદાર અધિકારીની રહેશે.

નં.જીએડી/ઈએસટી/૬૬૨૭
તા.૧૧/૦૩/૨૦૨૬

ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર(ડી.),
સુરત મહાનગરપાલિકા.

**ન.સ.ર.** : ડીનશ્રી(સ્મીમેર)/ તમામ વિભાગીય વડાઓશ્રીઓ / મુખ્ય અન્વેષકશ્રી પ્રતિ, ...જાણ સારૂ.

**ન.રવાના** : પી.એ. ટુ એમ.સી./તમામ પર્સોનેલ ઓફિસરશ્રીઓ/ખાતાધિકારીશ્રીઓ/સેકશન ઓફિસરશ્રીઓ પ્રતિ...જાણ તથા તાબા હેઠળના લાગત કર્મચારીઓને તુર્ત જ સમયસર જાણ કરવા તથા ઘટિત અમલ કરવા સારૂ.